# ઘેટાપાળક રાજાએ દેવના ગીતો ગાયા.

બાળકોની ઉંમર અને જરૂરિયાતો અનુસારની પ્રવૃત્તિઓ પસંદ કરો.

**પ્રાર્થના :** વહાલા પ્રભુ, પવિત્ર શાસ્ત્રમાંના કાવ્યોની સુંદરતાને માટે તેમને મહિમા આપવા બાળકોની સહાય કરો. ઘેટાપાળક દાઉદના ગીતોમાંથી અમને દિલાસો મળે તેવું થવા દો.

કોઈ મોટો છોકરો કે સભાજન ગી.શા. ૨૩ વાંચે. આપણે આપણા ભલા ઘેટાપાળક પ્રભુ ઈસુની સ્તુતિ દેવની અદ્ભૂત સંભાળને માટે જેમ દાઉદ કરતો હતો તેમ કેવી રીતે કરી શકીએ તે બતાવે છે.



**પ્રશ્નો.** જવાબો સાથે જ આપેલા છે.

- જ્યારે પ્રભુ આપણી સંભાળ લે છે ત્યારે આપણને કશાની ખોટ હોય છે?(કલમ-૧)
- કેવી જગાઓમાં તે આપણને દોરે છે ?(ક.૨)
- તે આપણને ન્યાયપણાના માર્ગમાં કેમ દોરે છે ?(ક.૩)
- આપણે મરણનો ભય રાખવાની જરૂર છે ?(ક.૪)
- આપણે અનંતકાળ ક્યાં રહીશું ? (ક.૬)

**ઘેટાપાળકનું ગીત ગાઓ.** જો કોઈ પાળક વિષેનું ગીત જાણતા હો તો ગાઓ. અથવા એવું ગીત ગાઓ કે જે બાળકો જાણતા હોય.

**તમે આ ગીત ગાઓ ત્યારે તેને નાટકમાં પરિવર્તિત કરો.**

- સભાના આગેવાન સાથે બાળકો દ્વારા આ નાટક ભજવવાનું ગોઠવો.
- બાળકોને શિખવવાના સમયે નાટકની તૈયારી કરો.
- મોટા છોકરાઓ નાનાઓને મદદ કરે.

- મોટા છોકરાઓ કે કોઈ સભાજન આ પાત્રો ભજવે-
- **ઘેટાપાળક**- એક કટોરો,બાટલી, ટેબલ અને ઘેટાપાળકની લાકડી(ગમે તે લાકડી જેમાંથી શાખા ફૂટી હોય તેનો ઉપયોગ કરી શકાય) તૈયાર રાખો.
- **ઉદ્‌ઘોષક**. વાર્તાનું સંક્ષેપિકરણ કરે અનેબાળકોને સંવાદો બોલવા માટે તૈયારકરે.
- નાના છોકરાઓ **દુશ્મનો** અને **ઘેટાં** (ઘુંટણીએ ચાલવું અને ક્યારેક બેં-બેં બોલવું)
- **ઉદ્‌ઘોષક :** ગાય, વાંચે અથવા મોઢે ગી.શા. ૨૩ બે વખત બોલે. બીજી વખત. દરેક કલમ બોલ્યા પછી અટકે, અને છોકરાઓ તે કલમનું નાટક ભજવે.

**ઉદ્‌ઘોષક** : કલમ-૧ બોલે.

**ઘેટાંપાળક** : ઘેટાંઓની વચ્ચે ફરે અને માથે હાથ ફેરવે.

**ઘેટાં** : ઘેટાપાળકની પાસે રહેવાનો પ્રયત્ન કરે અને તેની સામે હસે- એ બતાવવા કે તેઓ ખુશ છે.

**ઉદ્‌ઘોષક** : કલમ-૨ બોલે.

**ઘેટાંપાળક** : કટોરો જમીનપર મૂકે અને ઘેટાઓને કટોરા પાસે લાવે.

**ઘેટાં** : તેમાંથી પાણી પીતા હોય તેવો દેખાવ કરે. પછી સૂઈ જાય અને વાગોળે.

**ઉદ્‌ઘોષક** : કલમ-૩ બોલે.

**ઘેટાંપાળક** : આગળ ચાલે અને ઘેટાને પોતાની પાછળ ચાલવાનો ઈશારો કરે.

**ઘેટાં** : ઘેટાપાળકની પાછળ ચાલે (એકદમ નજીક)

**ઉદ્‌ઘોષક** : કલમ-૪ બોલે.

**દુશ્મનો** : ખુરશીઓની પાછળ છુપાય અને ઘેટાઓને તીર મારતા હોય તેવો દેખાવ કરે.

**ઘેટાં** : ગભરાવવાનો દેખાવ કરે. કૂદે, બેં બોલીને ગોળ ગોળ ફરે.

**ઘેટાંપાળક** : દુશ્મનોથી ઘેટાને લાકડી વડે દુર કરી દે અને તેમને શાંતિ પમાડે. પછી લાકડીથી દુશ્મનોને હાંકી કાઢે. કોઈને વાગે નહિ તેનું ધ્યાન રાખવું. ફક્ત મારતા હોય તેવો દેખાવ કરવો.

**ઉદ્‌ઘોષક** : ક-૫ બોલે.

**ઘેટાપાળક** : ઘેટાંની પાસે ટેબલ ગોઠવે. પછી બાટલીમાંથી ઘેટા પર તેલ નાખતો હોય તેવો દેખાવ કરે.

**ઘેટાં** : હાથ માથાથી ઉંચા કરીને એવું બતાવે કે પ્યાલો ઉભરાઈ જાય છે.

**ઉદ્‌ઘોષક** : ક-૬ બોલે.

**ઘેટાંપાળક** : વાડાનો દરવાજો ખોલતો હોય તેવો દેખાવ કરે અને ઘેટાને અંદર બોલાવે.

**ઘેટાં** : દરવાજામાંથી અંદર જાય. પછી ઘેટાપાળકની આસપાસ ટોળે વળે અને આકાશ તરફ હાથ ઉંચા કરીને પ્રભુની સ્તુતિ કરે.

**ઉદ્‌ઘોષક** : નાટકમાં મદદ કરનાર બધાનો આભાર માને.

**પ્રશ્નો.** જો મોટાઓ માટે આ નાટક ભજવ્યું હોય તો ઉપર લખેલા પ્રશ્નો પૂછવા. દેવ પોતાના લોકોનો પાળક છે તેના બીજા ઉદાહરણો પણ રજુ કરવા. બાળકો અને મોટાઓને ઉદાહરણો રજુ કરવા દો.

**ઘેટાપાળકની લાકડીનું ચિત્ર દોરો.** ભજનસેવા વખતે આ ચિત્રો લોકોને બતાવવા અને બાળકો સમજાવે કે પ્રભુ ઈસુ આપણો ભલો ભરવાડ આપણને હંમેશા વધારે સારી સ્થિતિ તરફ દોરે છે.



**મોટા બાળકો** ઈસુ ઉત્તમ ઘેટાપાળકનું ગીત બનાવે.

**ગીત :** કેટલાક બાળકો ગી.શા.૨૩માંથી અમુક કલમો મોઢે બોલે.

**મુખપાઠ :** માટો બાળકો ગી.શા.૨૩ મોઢે કરે. નાના બાળકો ગી.શા.૨૩:૧-૨ મોઢે કરે.

**પ્રાર્થના :** વ્હાલા ઈસુ, તમે અમારા અદ્‌ભૂત ઘેટાપાળક છો. તમે અમને જે જોઈએ તે બધું આપો છો. અમે તમારા પર વિશ્વાસ કરીઅ છીએ. ભયમાં શત્રુનો સામનો કરવામાં અને મરણમાં પણ અમે તમારો ભરોસો કરીએ છીએ. તમે અમને દિલાસો આપો છો અને મરણથી સ્વર્ગ સુધી અમને દોરો છો કે અમે તમારી સાથે સદા રહીએ. ઓ પ્રભુ ઈસુ, જલ્દી આવો.

Download from www.Paul-Timothy.net